है । × × × ये तीन फरमान क्रमशः उडीसा, अवध और दिल्हीके हैं ।

(–શ્રીમાન્ અગરચંદજી નાહટા અને ભંવરલાલજી નાહટાએ લખેલા 'યુગપ્રધાન શ્રીજિનચંદ્રસૂરિ' પરિશિષ્ટ ચ, પૃ. ૩૦૬ થી ૩૦૮)

**નોંધ :** ખરતરગચ્છમાં આ૦ જિનસાગરથી સં. ૧૬૮૬માં 'આચાર્યીય ગચ્છ' નામે લઘુશાખા ચાલી હતી (પ્રક. ૪૦, પૃ. ૩૮૯). આ શાખાના યતિવર શ્રીપૂનમચંદજીએ શ્રીઅગરચંદજી નાહટાને (મૂળ શાહી ફરમાનો નહીં પણ) પાંચ શાહી ફરમાનોની નકલ આપી હતી, જેમાં (૧, ૨, ૩) ઓરિસા પ્રાંત, અવધ પ્રાંત અને દિલ્હી પ્રાંતના ફરમાનો હતાં, જે ઉપર છપાયાં છે. (૪, ૫) અગાઉ ફરમાન નંબર બીજામાં છપાયેલ પ્રાર્થનાપત્રની બે નકલો હતી.

બાદશાહ અકબરે ઇલાહી સન ૩૭ના મિહિર માસની તા. ૪થીએ શેહેરેવરના રોજ આ૦ જિનચંદ્રસૂરિને અહિંસાનું ફરમાન આપ્યું હતું, તેની આ જુદા જુદા પ્રાંતો માટેની ફરમાનોની નકલો છે.

ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિ હિંદી સં. ૧૬૪૮ના અષાડ માસમાં ખંભાતથી વિહાર કરી સિરોહીમાં પર્યુષણપર્વ અને જાલોરમાં ચોમાસું પૂરું કરી સં. ૧૬૪૮ના ફાગણ સુદિ ૧૨ના રોજ ઈદના દિવસે લાહોર પધાર્યા, પછી સં. ૧૬૪૯માં લાહોરમાં, સં. ૧૬૫૦માં હાપુડમાં, સં. ૧૬૫૧માં લાહોરમાં ચોમાસું કરી સં. ૧૬૫૨માં હાપુડમાં ચોમાસું કરી જેસલમેર (મારવાડ) તરફ પધાર્યા હતા. તેમણે સં. ૧૬૬૦માં પાટણમાં, સં. ૧૬૬૮માં પાટણમાં, સં. ૧૬૬૯માં સાધુવિહાર ખોલાવવા માટે આગરામાં અને સં. ૧૬૭૦માં બિલાડામાં ચોમાસાં કર્યાં હતાં. તેમણે સં. ૧૬૭૦ના આસો વદ ૨ બિલાડામાં સ્વર્ગગમન કર્યું.

તેમના વિહારની અને ઉપરના ફરમાનની સાલવારી મેળવીએ તો સ્પષ્ટ થાય છે કે, તેમણે લાહોરમાં આવતાં તરત જ બાદશાહ પાસેથી ફરમાનો વગેરે વિવિધ લાભો લેવા પ્રયત્ન ચાલુ કર્યો હતો. જેમકે, ઇલાહી સન ૩૭ ફરવરદીન તા. ૧ના રોજ હીજરી સન ૧૦૦૦ જમાદિઉસાની તા. ૫; હિંદી વિ. સં. ૧૬૪૯ના ચૈત્ર સુદિ ૭, તા. ૧૦-૩-૧૯૯૨ હોય; જ્યારે આ ફરમાન ઇલાહી સન ૩૭ની સાલમાં મેહેર મહિનાની તા. ૪ના રોજ અપાયું હતું, તો તે દિવસે હીજરી સન ૧૦૦૦નો ૧૨મા જિલ્હજ મહિનાની તા. ૧૦મી, હિંદી વિ. સં. ૧૬૪૯ના બીજા અષાડ સુદિ ૧૧ અને તા. ૧૪-૮-૧૯૯૨ આવે. તે દિવસે આ ફરમાન અપાયું હોય તે પૈકી પંજાબ પ્રાંતનું ફરમાન ગુમ થયું હતું, પણ ઉપરના ૩ ફરમાનોથી આ મૂળ ફરમાન ક્યારે અપાયું તેનો અનુમાનથી સ્પષ્ટ દિવસ જાણી શકાય છે.

સાથોસાથ એ પણ જાણી શકાય છે કે, બા૦ અકબરે મહો૦ ભાનુચંદ્ર ગણિવરની 'ધર્મસ્થાનો ધર્માચાર્યોના હાથમાં સોંપાય.' આવી સલાહથી આ૦ હીરવિજયસૂરિને સર્વ જૈન તીર્થો ભેટ આપ્યાં હતાં. સંભવ છે કે, આ૦ જિનચંદ્રસૂરિના અનુયાયીઓએ બુદ્ધિપૂર્વક આ તીર્થ ભેટ આપ્યાની બાબતમાં વિરોધ કર્યો હોય.

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિશિષ્ટ ગ, પૃ. ૨૮૦ થી ૨૮૩)

આ ફરમાનથી વિશેષ એ જાણવા મળે છે કે, ઓરિસા વગેરે પ્રાંતો ક્યા ક્યા